GJGS030003372026

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ : ૨૨/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

**ગીર સોમનાથ જિલ્લાના મ્હે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ. ઉના, જી. ગીર સોમનાથ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૨૮/૨૦૨૬**

---

**અરજદાર:-** રઘુભાઈ રવીભાઈ બાંભણીયા,
ઉ.વ.આ.૨૬, ધંધો:મજુરી,
રહે.ઉના, ખોડીયારનગર,
તા.ઉના, જી.ગીર સોમનાથ

**વિરૂદ્ધ**

**સામાવાળા:-** સ્ટેટ ઓફ ગુજરાત

---

**અરજદાર તરફે** :- વિ.વકીલશ્રી સી.બી.બાંભણીયા
**સામાવાળા તરફે** :- વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ

---

**વિષય :-** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી

---

**-:: આંક-૧ લગત હુકમ ::-**

૧. હાલની અરજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે અરજદારે એટ્રોસીટી કેસ નંબર ૦૩/૨૦૨૫ ના કામે

**ઉના પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૫૦-૩૨૬/૨૦૨૫ બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૭૫(૧), ૩૨૯(૨) તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૨)(૫-એ), ૩(૧)(આર)** મુજબના ગુન્હામાં રેગ્યુલર જામીન પર મુકત થવા માટે આપેલ છે.

**૨.** હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીએ જામીન અરજીની વિરૂદ્ધમાં આંક-૪ થી સોગંદનામુ રજુ કરેલ છે તેમજ પોલીસ તપાસના કાગળો રજુ રાખેલ છે. તેમજ ફરીયાદીને નોટીસ કાઢતા ફરીયાદી હાજર રહેલ છે.

**૩.** અરજદારના વિ.વ.શ્રી સી.બી.બાંભણીયાની રજુઆત છે કે, અરજદાર તદન નિર્દોષ છે. તેઓને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. બનાવ તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ સાંજના ૦૮:૩૦ નો બનેલ છે અને ફરીયાદ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજની છે અને એક દિવસ મોડી ફરીયાદ કરવાનું કોઇ કારણ ફરીયાદમાં જણાવેલ નથી. અરજદાર સામે પ્રથમદર્શનીય કોઇ પુરાવો નથી. પોલીસે અરજદારના તપાસ બાબતે કોઇ રીમાન્ડ પણ માંગવામાં આવેલા નથી. અરજદાર ફરીયાદીને ઓળખતા નથી કે કોઇ જગ્યાએ કયાંય મળેલ નથી અને તેથી અરજદાર ફરીયાદીની જ્ઞાતી વિશે પણ કોઇ જાણકારી ધરાવતા નથી. અરજદારે ફો.પ.અ.નં.૧૧૧/૨૦૨૫ થી કરેલી જે વિથડ્રો કરેલ છે અને ફો.પ.અ.નં.૫૩/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે નામદાર અદાલતે નામંજુર કરેલ છે. સદર ગુનાનું ચાર્જશીટ થઇ ગયેલ છે અને તેના એટ્રોસીટી કેસ નંબર ૦૩/૨૦૨૫ પડેલ છે. જેની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન સાહેદ રવિભાઇ બાલુભાઇ સાંખટ, સાહેદ હીરલબેન દીપકભાઇ શીયાળ તથા સાહેદ દીપકભાઇ વીઠલભાઇ

શીયાળની જુબાની લેવામાં આવેલ છે અને તેમાં આ તમામ સાહેદોએ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપેલ નથી અને સરકાર તરફે તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. જેથી આ કામના ફરીયાદી તથા સાહેદો પોતાની ફરીયાદ સાબીત કરી શકેલ નથી. અરજદારના પરીવારના ભરણપોષણની જવાબદારી અરજદાર ઉપર છે. અરજદાર નાની વયના છે અને તેઓને જેલમાં રાખવાથી તેમના માનસ ઉપર ખરાબ અસર થશે તેમજ વધુ સમય જેલમાં રાખવાથી તેઓને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર અરજીમાં જણાવ્યા સંબંધે કાયમી વસવાટ કરતા હોય અરજદાર ક્યાંય નાસીભાગી જાય તેમ નથી. તેમજ ટ્રાયલ વખતે નિયમીત હાજર રહે તેવી ખાતરી આપતા હોય અરજદારને જામીન પર મુક્ત કરવા અરજ કરેલ છે. વધુમાં, અરજદાર તરફે નામદાર સુપ્રિમ કોર્ટના કલ્યાણચંદ્ર સરકાર વિરુધ્ધ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ તથા સંજયચંદ્રા વિરુધ્ધ સી.બી.આઇ. ના જજમેન્ટસ રજુ કરેલ છે. જે માનસહ વંચાણે લીધા.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલની રજુઆત છે કે, ફરીયાદી સફાઇ કામ કરવા માટે દીપકભાઇ વિઠલભાઇ શીયાળના ઘરે ગયેલ હોય તે દરમ્યાન આરોપી ત્યાં આવી સાહેદ હીરલબેન તેમના ઘરમાં એકલા હોય જયાં પ્રવેશ કરી સાહેદ હીરલબેન સાથે અડપલા કરવા લાગતા ફરીયાદી વચ્ચે પડતા આરોપીએ કાંઇક ધારદાર વસ્તુ ફરીયાદીને ડાબા પડખાના ભાગે મારેલ તથા સાહેદ રવીભાઇને નાકના ભાગે ઢીકો મારી ફરીયાદી તથા સાહેદોને ગાળો આપી સાહેદ હીરલબેનને કહેલ કે આજે તો આ જાતી વિશે અપશબ્દો બોલી વચ્ચે આવી ગયેલ છે હવે પછી તારો પતિ મને પૈસા ઉછીના નહી આપે તો બધાને મારી નાખશે તેવી ધમકી આપી ફરીયાદીને જ્ઞાતી પ્રત્યે અપમાનીત કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. અરજદાર/આરોપી વિરુધ્ધ આવા જ પ્રકારના અન્ય ગુનાઓ ઉના

પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે. અરજદાર/આરોપી આવા ગુનાઓ કરવાની ટેવ વાળા હોય જામીન મુકત કરવામાં આવશે તો સમાજમાં અન્ય વ્યકિતઓને આ પ્રકારના ગુનાઓ કરવા પ્રોત્સાહન મળશે અને આ પ્રકારના ગુનાનું પ્રમાણ વધવા પામશે. અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો પંચો અને સાહેદોને યેનકેન પ્રકારે તોડવાના પ્રયત્નો કરશે જેથી અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

**૫.** સદર કામે ફરીયાદીને નોટીસ કાઢતા ફરીયાદી અદાલત સમક્ષ હાજર રહેલ છે અને તેમની રજુઆતો પણ સાંભળવામાં આવેલ છે. તેઓએ મુખ્યત્વે રજુઆત કરી જણાવેલ છે કે અરજદાર/આરોપીને જો જામીન મુકત કરવામાં આવે તો તેઓને કોઇ વાંધો તકરાર નથી.

**૬.** અરજદાર/આરોપી સામે મુખ્યત્વે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૭૫(૧), ૩૨૯(૨) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ), ૩(૧)(આર) ના કલમોના આક્ષેપો છે. અરજી, સાથે સામેલ દસ્તાવેજી આધારો તેમજ એફીડેવીટ ધ્યાને લીધા. એટ્રોસીટી કેસ નંબર ૦૩/૨૦૨૫ નું રેકર્ડ ધ્યાને લીધુ. રેકર્ડ ધ્યાને લેતા એ હકીકત વિદીત થાય છે કે અરજદાર/આરોપી તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. સદર ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ થતા તેને એટ્રોસીટી કેસ નંબર ૦૩/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. ટ્રાયલ દરમ્યાન ફરીયાદી તેમજ અન્ય સાહેદો અને ભોગ બનનારની જુબાની લેવામાં આવેલ છે અને સદર તમામ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે. ભોગ બનનાર, ફરીયાદી કે અન્ય સાહેદો ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. આક્ષેપીત ગુનાની સજાની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો વધુમાં વધુ સાત વર્ષ સુધીની સજા થઇ શકે તેવો ગુનો આચરેલાનો અરજદાર/આરોપી

સામે આક્ષેપ છે. નિર્વીવાદપણે સદર અરજદાર/આરોપી ધ્વારા આ કોર્ટ સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નંબર ૫૩/૨૦૨૬ થી જામીન ઉપર મુકત થવા માટે અરજી કરવામાં આવેલ, જે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા રદ કરવામાં આવેલ, પરંતુ ત્યારબાદ ટ્રાયલ ચાલુ થઈ ગયેલ હોય તેમજ અસરકારક તમામ સાહેદો તપાસાઈ ગયેલ હોય હાલની જામીન અરજી રજુ કરવામાં આવેલ છે. સકસેસીવ બેઈલ સંદર્ભે અરજદાર/આરોપી તરફે કલ્યાણચંદ્ર સરકાર વિરુધ્ધ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ (સુપ્રા) વાળુ જજમેન્ટ રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવે તો જયારે કેસના સંજોગો બદલાયેલા હોય ત્યારે સકસેસીવ જામીન અરજી દાખલ કરી શકાય અને અગાઉ જે કારણો સંબંધે જામીન અરજી નામંજુર કરવામાં આવેલ તે સીવાયના કારણો જો ઉપસ્થીત થયેલ હોય તો તેના અનુસંધાને જામીન અરજીનો નિર્ણય કરી શકાય તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. અગાઉ થયેલ ચર્ચા મુજબ હાથ પરના કેસમાં ભોગ બનનાર તેમજ ફરીયાદી સહિતના કેસના ગુણદોષને અસર કરતા તમામ સાહેદો તપાસાઈ ગયેલા છે અને તે તમામ સાહેદો ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને તેથી કેસના સંજોગો બદલાયેલા હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં, જયારે અગત્યના તમામ સાહેદો પોતાની જુબાનીના માધ્યમથી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો આપતા ન હોય અને ખાસ કરીને આરોપી જયારે આશરે ૧૩ માસ ઉપરાંતથી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય ત્યારે અરજદાર / આરોપીની જામીન અરજી જો નામંજુર કરવામાં આવે તો તેને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થવાની પુરેપુરી શકયતા રહે છે અને તેથી પણ આરોપીની તરફેણમાં વિવેક બુધ્ધીની સત્તાનો ઉપયોગ કરવાનુ ન્યાયોચીત જણાઈ આવે છે.

૭. તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા આંક–૦૪ વાળા સોગંદનામા સાથે આરોપીના ગુનાઓ બાબતેનું લીસ્ટ રજુ કરવામાં આવેલ, પરંતુ અરજદાર/આરોપી તરફેની રજુઆત ધ્યાને લેતા તે પૈકી મોટા ભાગના ગુનાઓ સંદર્ભે દાખલ થયેલ કેસ પુર્ણ થઇ ગયેલ છે. વિધ્વાન એ.પી.પી.શ્રીની રજુઆત મુજબ અરજદાર/આરોપીને નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ગુજસીટોક અન્વયેના ગુના સબબ જામીન આપવામાં આવેલ, પરંતુ ત્યારબાદ હાલનો ગુનો રજીસ્ટર થયેલ હોય નામદાર પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી, રાજકોટ નાઓ ધ્વારા અરજદાર/આરોપીના ગુજસીટોકના ગુનામાં આપવામાં આવેલ જામીન રદ કરવામાં આવેલ, પરંતુ જયારે હાથ પરના કેસમાં અગત્યના તમામ સાહેદો ફરીયાદપક્ષના કેસથી વિમુખ હકીકત સોગંદ ઉપર કોર્ટ રુબરુ જણાવતા હોય ત્યારે માત્ર ગુજસીટોકનો ગુનો નોંધાયેલ હોવાના કારણમાત્રથી આ કામે આરોપીની જામીન અરજી રદ કરવાનું ન્યાયોચીત જણાતુ નથી અને તેથી ઉપરોકત ચર્ચાના અંતે આરોપીની તરફેણમાં વિવેક બુધ્ધીની સત્તાનો ઉપયોગ કરી તેને જામીન મુકત કરતો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## <u>–:: આખરી હુકમ ::–</u>

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી **"શરતી મંજુર"** કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી રઘુભાઇ રવીભાઇ બાંભણીયા, રહે.ઉના, ખોડીયારનગર, તા.ઉના, જી.ગીર સોમનાથ નાઓને ઉના પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૫૦૩૨૬/૨૦૨૫ બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૭૫(૧), ૩૨૯(૨) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ), ૩(૧)

(આર) મુજબના ગુનામાં **અરજદારને રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-॥ શરતો ॥-**

(૧) અરજદાર/આરોપીએ ભવિષ્યમાં આ પ્રકારની કે અન્ય કોઇ પ્રકારની ગુનાહીત પ્રવૃતિઓમાં સંડોવાવુ નહી.

(૨) અરજદાર/આરોપીએ તેમના રહેણાંકનું કાયમી સરનામુ મોબાઇલ નંબર સાથે ટ્રાયલ અદાલત સમક્ષ રજુ રાખવુ. અરજદાર/આરોપીએ રહેણાંકના સરનામામાં ફેરફાર થાય તો ટ્રાયલ અદાલતને તેની જાણ કરવી.

(૩) અરજદાર/આરોપીએ પોતાની સામેનો કેસ પુરો ન થાય ત્યાં સુધી ભારત દેશની હદ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર છોડવી નહી.

(૪) અરજદાર/આરોપીએ ટ્રાયલ અદાલત સમક્ષ દરેક મુદતે નિયમીત હાજર રહેવુ અને કેસ ઝડપથી આગળ ચલાવવામાં પુરતો સહકાર આપવો.

(૫) અરજદાર/આરોપીએ હુકમની તારીખથી દિન-૭ માં પાસપોર્ટ વિ.ટ્રાયલ અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવુ.

(૬) અરજદાર/આરોપીએ જામીન, બોન્ડ વિગેરે વિ.ટ્રાયલ અદાલતને સંતોષ થાય તે મુજબ રજુ રાખવા. વિ.ટ્રાયલ કોર્ટ જામીનની શરતોમાં ફેરફાર કરી શકશે.

- જામીન સંબંધીત અદાલત સમક્ષ રજુ કરવા.

– હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તારીખ–૨૨ મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૬
સ્થળઃ– ઉના.

(એસ.એમ.ગોવાણી)
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ
ગીર સોમનાથ એટ ઉના,
કોડ નં. જીજે. ૦૦૯૧૮.